**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૦/૧૨/૨૦૧૫ ગુરૂવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૧/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૭ કેસ કરી ૩૧ વ્યક્તિઓને ઝડપી ૧૧૯ લીટર દેશી દારૂ, ૨૦ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૬ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૩,૪૨૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૭ વ્યક્તિઓ અને પાસા હેઠળ ૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૨૪૭૩/૧૫**

**રામોલઃ** દક્ષેશકુમાર મનોજકુમાર પટેલ (રહે.સહજ-૨ આર એ એફ કેમ્પની સામે રીંગરોડ રામોલ) એ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૫ રાતના ૧૦/૦૦ થી તા.૯/૧૨/૧૫ સવારના ૮/૩૦ વાગ્યા દરમ્યાન વસ્ત્રાલ રોડ નીરાંત ચાર રસ્તા પાસે આવેલ બેડ બોય ધ ફેશન નામની પોતાની દુકાન નંબર-૧૫ ના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાંથી પેન્ટ નંગ-૮૦૦ કિમત રૂપિયા ૪,૮૮,૦૦૦/-, શર્ટ નંગ-૨૫૦ કિમત રૂપિયા ૯૭,૫૦૦/- અને ટી-શર્ટ નંગ-૩૦ કિમત રૂપિયા ૧૦,૫૦૦/- અને બાજુમાં આવેલ શ્રીજી ડેરી નામની દુકાનનુ તાળુ તોડી ડી.વી.આર. કિમત રૂપિયા ૨૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬,૪૧,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી આઈ સોલંકી ચલાવે છે.

**નવરંગપુરાઃ** પ્રજ્ઞેશભાઈ ભગવાનભાઈ (રહે.મુક્તિધામ એપાર્ટમેન્ટ થલતેજ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૧૨/૧૫ રાતના ૮/૦૦ થી રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન લાલબંગલોઝ પાછળ સુરભી એપાર્ટમેન્ટ પી.જી.કોર્પો નામની એ.સી.ની ઓફીસના દરવાજાનુ તાળુ ખોલી અજાણી વ્યક્તિ એ.સી.નંગ-૨ કિમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી કે ગોસ્વામી ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રીનાબહેન જીતેન્દ્રભાઈ ગુપ્તા (રહે.સુજલ ફ્લેટ નરોડા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧૨/૧૫ સવારના ૧૦/૪૫ થી બપોરના ૩/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૮૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એફ એલ રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**વટવાઃ (૧)** સ્વાતિબહેન ચિરાગભાઈ ઠક્કર (રહે.આકૃતિ ટાઉનશીપ જુની નારોલ કોર્ટ સામે નારોલ) એ તા.૯/૧૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૪/૧૧/૧૫ બપોરના ૨/30 વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૪,૦૦૦/- મળી કુલ રૂપિયા ૩૭,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

**વટવાઃ (૨)** રાહુલસિંહ સંતસિંહ ક્ષત્રીય (રહે.વૈભવપાર્ક સોસાયટી ઘોડાસર ચાર રસ્તા પાસે નારોલ નેશનલ હાઈ-વે) એ તા.૯/૧૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૧૧/૧૫ રાતના ૧૧/૦૦ થી તા.૮/૧૧/૧૫ સવારના ૧૦/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૨૮,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૧૧,૯૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ સી ઝાલા ચલાવે છે.

<u>**ચોરી :-**</u> <u>**સમાચાર યાદી નં.૨૪૭૪/૧૫**</u>

**વટવાઃ** જયેશભાઈ ચરણભાઈ રાણા (રહે.જગદીશ સોસાયટી ઘોડાસર વટવા) એ તા.૯/૧૨/૧૫ નારોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૪/૧૨/૧૫ રાતના ૧૨/૦૦ થી તા.૫/૧૨/૧૫ સવારના ૫/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નારોલ સર્કલથી વટવા ટર્નિંગ સુધી ઠાકોર એસ્ટેટથી ગોકુલેશ પેટ્રોલપંપ સુધીની ડક લાઈનમાં રાખેલ કોપર વાયર કિમત રૂપિયા ૫૦,૦૦૦/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પિઓ.સ.ઈ.શ્રી કે એસ પટેલ ચલાવે છે.

<u>**વાહન ચોરીઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૪૭૫/૧૫**</u>

**નારણપુરાઃ** રણછોડભાઈ દામોદરભાઈ પ્રજાપતિ (રહે.શ્રીનાથ એવન્યુ વિશ્વાસ વિભાગ-૩ વંદે માતરમ ગોતા) એ તા.૮/૧૨/૧૫ રાતના ૧૦/૦૦ વાગે સત્યના રાખણ ટીંબરમાર્ટની દુકાન આગળ ફોર વ્હીલ ગાડી નંબર જીજે ૧ એયુ ૦૮૦૯ કિમત રૂપિયા ૮૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૯/૧૨/૧૫ સવારના ૮/૦૦ વાગ્યા દરમ્તાન થઈ હતી. આ અંગેની ગરીયાદ રણછોડભાઈ પ્રજાપતિએ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર કે સોલંકી ચલાવે છે.

<u>**આત્મહત્યાઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૨૪૭૬/૧૫**</u>

**સાબરમતીઃ** જીવણભાઈ દેવસિંહ સોલંકી (ઉ.વ.૪૫)(રહે. બળદેવનગર ઓ.એન.જી.સી.સામે મોટેરા સાબરમતી) પાસેથી ફેબ્રીકેશનનુ કામ કરાવી હાર્દીક પટેલ નામના માણસે ત્રણ મહીનાનો પગાર નહી આપી જાતીવાચક શબ્દો બોલી મારી નાખવાની ધમકી આપતા હોવાનુ ચીઠીમાં લખી જીવણભાઈએ તા.૯/૧૨/૧૫ કલાક ૦૦/30 થી કલાક ૫/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે છતની લોખંડની પાઈપમાં વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગેની સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી જયેન્દ્રસિંહ બાપાલાલ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)